એવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## ગૌરવ | બ્લડ સ્ટેમ સેલ ડોનેટમાં પણ રાજ્યમાં સુરત અવ્વલ

સુરત | બ્લડ કેન્સર અને થેલેસેમિયા જેવા
જીવલેણ લોહી વિકારથી પીડાતા લોકોને
પોતાના રક્ત કોષોનું દાન કરી તેમની
જિંદગી બચાવનારા સુરતના 14 બ્લડ સ્ટેમસેલ ડોનેટ
કરનારા દાતાઓનું દાત્રી સંસ્થા દ્વારા સન્માન કરવામાં
આવ્યું હતું. આ સાથે રક્તકોષ દાતાઓ વિશેના પુસ્તક
'અનોખા દાનવીર રત્નો'નું લોકાર્પણ પણ કરવામાં
આવ્યું હતું. આ સાથે સમગ્ર રાજ્યમાંથી સ્ટેમ સેલ
ડોનેટ કરનારા દાતાઓ પૈકીના 18 દાતાઓ સુરતના
હોવાનું સામે આવ્યું છે. બ્લડ કેન્સર, થેલેસેમિયા જેવા
જીવલેણ લોહી વિકારથી પીડાતા દર્દીઓ માટે સ્ટેમ સેલ
ટ્રાન્સપ્લાન્ટ એ જીવવાની આખરી આશા છે. આવા
દર્દીઓને આનુવંશિક અનુરૂપ મેચ થાય તેવા દાતાઓની
જરૂર હોય છે. દસ હજાર વ્યક્તિમાં એક કે 20 લાખમાં
એક વ્યક્તિને જ આનુવંશિક જોડ મળે છે. ત્યારે દાન
માટે સૌથી આગળ રહેતા સુરત શહેર માંથી સૌથી વધુ
બ્લડ સ્ટેમ સેલ ડોનરોએ સ્ટેમ સેલ ડોનેટ કર્યા છે. સમગ્ર
રાજ્યમાં બ્લડ સ્ટેમ સેલ દાતાઓનુ રજીસ્ટ્રેશન કરતી
રાજ્યની એક માત્ર સંસ્થા દાત્રી દ્વારા સમગ્ર રાજ્ય માંથી
39 ડોનર મેચ થયા છે. તેમાંથી સૌથી વધુ 18 ડોનર
સુરતના નોંધાયા છે.